
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

# ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 12, Issue. 223, Special Issue No. 1, December 2021


## ગુજરાતી અનુસ્નાતક વિભાગ અને ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે સર્જનાત્મક લેખન શિબિર, પદમડુંગરી. તા. ૧૬, ૧૭, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૧

### અહેવાલ



ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને ગુજરાતી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત દ્વારા પ્રતિવર્ષ પદમડુંગરી ખાતે સર્જનાત્મક લેખન શિબિરનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષની જેમ આ વર્ષે પણ સુરતથી ૯૮ કિ. મી. ના અંતરે તાપી જિલ્લાના ડોલવણથી ૧૫ કિ.મી. દૂર પ્રકૃતિની ગોદમાં આવેલ પદમડુંગરી ઈકોલોજીકલ કેમ્પ સાઈટ ખાતે કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસના આ શિબિરમાં ઓગણચાલીસ શિબિરાર્થી ભાઈ–બહેનો સમગ્ર ગુજરાતનાં બધાં જિલ્લાઓ અને મુંબઈથી આવીને ઉત્સાહપૂર્વક જોડાયા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત, ગુજરાતી વિભાગના અધ્યાપક શ્રી ડૉ. નરેશ શુક્લ સતત અઢાર વર્ષથી સર્જનાત્મક લેખન શિબિરનું સંયોજન કરતાં આવ્યા છે. આ તેમણે આયોજન કર્યુ હોય એવો અઢારમો શિબિર હતો. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ શિબિરાર્થીઓને ફિલ્મ અને નાટકની પટકથાનું લેખન અને નાટ્યપ્રવૃતિના વિવિધ પાસાંનો પરિચય કરવાનો હતો. એ માટે શ્રી રામ મોરી, શ્રી કમલ જોષી, શ્રી દિપક ભટ્ટ અને શ્રી અજિત મકવાણા માર્ગદર્શક તરીકે ઉપસ્થિતિ રહ્યા હતા.

તારીખ ૧૬–૧૨–૨૦૨૧ના રોજ સવારે ૮:૩૦ કલાકથી જ બધા શિબિરાર્થીઓ પદમડુંગરી ઈકોલોજીકલ સાઈટ ખાતે આવવાના શરૂ થઈ ગયા હતા. તેમની રહેવાની અને અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સવારે ૧૧:૦૦ કલાકે શિબિરની ઉદ્ઘાટન બેઠક યોજાઈ. આ બેઠકમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. શિબિરના સંયોજક શ્રી ડૉ. નરેશ શુકલએ આ શિબિરની ભૂમિકા બાંધી આપી શિબિરાર્થીઓનું સ્વાગત કર્યુ હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ પ્રાસંગિક ઉદબોધન કરી શિબિરાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણમાં રહી પોતાની સર્જકતાને નિખારવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી.

ઉદઘાટન બેઠકના સમાપન બાદ દરેક શિબિરાર્થીને કલમ, નોંધપોથી અને આધાર – પાટિયું આપીને નોંધણી કરવામાં આવી હતી. નોંધણી બાદ તરત જ ૧૨:૦૦ કલાકે શિબિરની પ્રથમ બેઠક ઈકોલોજીકલ સાઈટમાં આવેલા અંબિકા હોલમાં યોજાઈ. એમાં શ્રી રામ મોરી દ્વારા શિબિરાર્થીઓને વાર્તા પરથી ફિલ્મની પટકથા લેખન માટેની ટેકનિકની સમજણ આપવામાં આવી હતી. એ માટે એમણે વિવિધ ફિલ્મોના દ્રશ્યોના ઉદાહરણ આપ્યાં. સરોજ પાઠકની ટૂંકીવાર્તા "મારો અસબાબ" તેમણે કહી સંભળાવી અને તે વાર્તા પર આધાર રાખીને પટકથાલેખન કરવાનું પ્રત્યક્ષ કાર્ય સોંપી ૬–૭ વ્યક્તિઓના ૬ ગૃપ બનાવી આપ્યાં હતાં. એ ગૃપે સાથે મળીને સહસર્જન કરવા જણાવ્યું.

ભોજન વિરામ બાદ શિબિરની બીજી બેઠક ૨.૩૦ કલાકે યોજાઈ. તેમાં વાર્તા પરથી દરેક ગૃપે તૈયાર કરેલ પટકથા અને 'સ્ક્રીનપ્લે' રજૂ કરવામાં આવ્યા. તેમાં શ્રી રામ મોરી એ દરેક ગૃપની વિશિષ્ટતા અને રહી ગયેલી ભૂલ તથા વિશેષતાઓ તરફ દિશાનિર્દેશ કર્યો. શિબિરાર્થીઓના ઉત્સાહ સાથે આ બેઠક ૫.૦૦ વાગ્યે પૂર્ણ થઈ. આ પછીનો બે કલાકનો સમય સ્થળ પરિચય, વિહાર અને આરામ માટે આપવામાં આવ્યો.

સાંધ્ય ભોજન બાદ ૯.૩૦ કલાકે રાત્રિ બેઠક યોજાઈ. આ બેઠકમાં શિબિરાર્થીઓએ પોતાનો પરિચય આપ્યો અને ત્યાર બાદ વાર્તા, કવિતા અને નિબંધો લખી લાવ્યા હોય તેની રજૂઆતો થઈ. જેમાં શિબિરાર્થી અલ્પા દેસાઈ,પરાગ શર્મા, જયદિપ ભરોળિયા,પરેશ પરમાર, વિશ્વમા પટેલ, આરતી આંત્રોલિયા, રશ્મિ ઝા, રિધમ પટેલ, મહેશ ધીમર, શિતલ ઠાકોર વગેરેએ કવિતા, વાર્તા, લઘુકથા, બાળગીતની પ્રસ્તુતિ કરી. શ્રી દિપક ભટ્ટ અને શ્રી અજિત મકવાણાએ પણ કાવ્ય પાઠ, આસ્વાદ અને પઠન કરવાની રીત પ્રત્યક્ષ રીતે સમજાવી. શ્રી કમલ જોષીએ અગાઉ પાડવામાં આવેલ ગૃપને પર્યાવરણ, શિક્ષણ, પ્રેમ, બદલો, વેપાર અને પૌરાણિક કથાનક એવા

એક વિષયો વહેંચ્યા ને તેના પરથી બીજા દિવસે સવાર સુધીમાં સ્ક્રિપ્ટ વિચારવાનું કાર્ય સોંપ્યું. એ સાથે સાંસ્કૃતિક બેઠક પૂર્ણ થઈ.

તારીખ ૧૭–૧૨–૨૦૨૧ શિબિરનો બીજો દિવસ. ચા–નાસ્તો કરી સવારે ૯:૩૦ કલાકે ચોથી બેઠક યોજાઈ. આ બેઠકમાં શ્રી કમલ જોષીએ ફિલ્મ અને નાટકના દ્રશ્યનો ભેદ સ્પષ્ટ કરી નાટકમાં દ્રશ્યોની ગોઠવણી કઈ રીતે કરી શકાય તે સમજાવ્યું. દરેક શિબિરાર્થીને રંગમંચ પર દ્રશ્યોની ભજવણી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું પડે તે સમજાવવા પ્રાયોગિક રીતે પ્રેક્ટિસ કરાવી. ત્યાર બાદ દ્રશ્યોનું લેખન કરવા જણાવ્યું. દરેક ગૃપને આપેલા મુદ્દા પર વાર્તા લખવાનો નિયત સમય આપવામાં આવ્યો. જેમાં દરેક શિબિરાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો. કેમ્પસમાં મનગમતી જગ્યાએ ગૃપમાં બેસીને શિબિરાર્થીઓએ પોતાના થિમ ઉપર દ્રશ્યો, સંવાદો લખવા અને ભજવવાની પ્રેકટિસ કરી.

પાંચમી બેઠક બપોરના ભોજન બાદ ૨:૩૦ કલાકે યોજાઈ. આ બેઠકમાં શિબિરાર્થીઓએ લખેલી વાર્તા પરથી તેનું દ્રશ્યમાં રૂપાંતરણ કરવાનું પ્રાયોગિક કાર્ય કર્યુ હતું. શ્રી કમલ જોષી અને દીપક ભટ્ટે દરેક ગૃપને વ્યક્તિગત રીતે મળીને સલાહ – સૂચન કર્યા અને નાટકને અનુરૂપ અમુક પ્રયુક્તિઓ વિશે સમજણ આપી. વચ્ચે કોઈ પણ બ્રેક વિના ભોજન લેવાના સમય સુધી આ પ્રક્રિયા એકધારી ચાલતી રહી. સાંજે ૬:૦૦ થી ૮:૦૦ આ બે કલાક શિબિરાર્થીઓને લખેલી સ્ક્રિપ્ટની ભજવણીની પ્રેકટિસ માટે આપ્યાં હતાં.

રાત્રે ૯:૩૦ કલાકે ભોજન બાદ અંબિકા હોલમાં છઠ્ઠી બેઠક માટે સૌ મળ્યા. સૌનો ઉત્સાહ ચરમ અવસ્થાએ હતો કેમકે, સૌએ સ્ટેજ પર પર્ફોમ કરવાની ઘડી હતી. ગૃપ પ્રમાણે લખેલી સ્ક્રિપ્ટની ભજવણી શિબિરાર્થીઓ કરવાના હતા. દરેક શિબિરાર્થીના મુખ પર અભિનય કરવા જવાનો આનંદ વર્તાઈ રહ્યો હતો. શ્રી કમલ જોષીએ જે–જે બાબતો નાટકની ભજવણી માટે શીખવી હતી તે બાબતોને ધ્યાનમાં રાખીને શિબિરાર્થીઓએ એક જ દિવસમાં સરસ સ્ક્રિપ્ટ લખીને ભજવણી કરી હતી. બધા નાટકો ભજવાઈ ગયા બાદ દરેક ગૃપના સભ્યોને તેમની ખૂબીઓ–ખામીઓ વિશે ઝીણવટથી સમજાવ્યું.

તારીખ ૧૮–૧૨–૨૦૨૧ શિબિરનો ત્રીજો અને અંતિમ દિવસ. શિબિરાર્થીઓએ અંબિકા નદીના પ્રવાહના સ્નેહ અને ધુમ્મસમાં શરમાતી સવારને મનભરીને માણીને તરોતાજાં થઈ ગયાં. સવારે ૯:૩૦ કલાકે સાતમી બેઠક યોજાઈ. આ બેઠકમાં શ્રી દિપક ભટ્ટે નાટકના દ્રશ્ય– શ્રાવ્ય માધ્યમની વાત કરી. કાન્તના ખંડકાવ્યોને નાટકની રીતે જોવાની દ્રષ્ટિ પણ એમણે બતાવી. નાટક, શેરી નાટક, પર્ફોમિંગ આર્ટના અન્ય રૂપો અને એની ખાસિયતો વિશે વાત કરી. એમણે મુખ્યત્વે ફિલ્મ અને નાટકના સૈદ્ધાંતિક પાસાઓ અને ઐતિહાસિક બદલાવોને રસભર રીતે ચીધી બતાવ્યાં.

આ શિબિરની પૂર્ણાહુતિ બેઠક યોજાઈ. જેમાં શિબિરાર્થી દર્શન કાતરિયા, મહેશ ધીમર, તુષાર ભટ્ટ, વિશ્વા પટેલ, રશ્મિ ઝા, પરેશ પરમાર, નેહા લાકડાવાલા, વિજય સોલંકી, જહોન અબ્બાસ સોરઠીયા, વિપુલ શિંગાળા, હેતલ જાદવ, નિકુંજ પાંડવ, ઝિનલ લાકડાવાલા, વિજયસિંહ વાઘેલાએ શિબિરના પ્રતિભાવ આપ્યાં હતાં. આગળની રાત્રે ભજવેલા ૬ નાટકમાંથી બેસ્ટ એકટર (ફિમેલ) રીતુ શાહ પ્રથમ, આરતી આંત્રોલિયા દ્વિતીય અને શિતલ ઠાકોરને તૃતીય ક્રમાંકે જાહેર કરવામાં આવ્યાં હતાં. બેસ્ટ એકટર (મેલ) વિજયસિંહ વાઘેલા પ્રથમ, પરેશ પરમાર દ્વિતીય અને લકુમ ચંદ્રેશ તથા મહેશ ધીમરને તૃતીય ક્રમાંક જાહેર કરવામાં આવ્યાં હતાં. ૬ નાટકમાંથી ભજવણીની રીતે 'ડિલ, નો–ડિલ' ને પ્રથમ, 'અહલ્યા' ને દ્વિતીય અને 'જાનુ આઈ લવ યુ' ને તૃતીય ક્રમાંકે જાહેર કરવામાં આવ્યાં હતાં. બેસ્ટ સ્ક્રિપ્ટ રાઈટીંગ માટે 'ડિલ, નો– ડિલ' નાટકને જાહેર કરાયું હતું.

ત્રણ દિવસના આ શિબિરમાં પ્રાકૃતિક સોંદર્યનો આહલાદ, નવા બનેલા મિત્રો અને મેળવેલા અનુભવોથી સૌ કોઈ કશીક નવીન અનુભવ કરી રહ્યાં હતાં. ભવિષ્યમાં ગુજરાતી નાટક જગતને કોઈ ધ્રુવતારક સમાન પ્રતિભા મળે તેવી શ્રદ્ધા સંયોજક શ્રી ડૉ. નરેશ શુકલએ વ્યકત કરી હતી. પૂર્વેની શિબિરોમાંથી નિવડી આવેલ કેટલાંક વાર્તાકારો, કવિઓને સ્નેહથી સંભારીને આનંદ અને સંતોષ વ્યકત કરવા સાથે ગુજરાત સાહિત્ય અકાદમીના પદાધિકારીઓ તથા કેમ્પ સાઈટના અધિકારીઓ તથા કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો. ભવિષ્યમાં આવા શિબિરો થતાં રહે જેથી નવી પેઢી ઘડાતી જાય તેવી શ્રધ્ધા સાથે સૌ પરત ફર્યા હતા.






2021/12/16 11:08























































**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in